# આકાશવાણી ભુજ


સમાચારવાચક: શીતલ વૈશ્નવ

કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ



તારીખ :૦૬-૧૧-૨૦૨૪ સમય: સાંજે :૦૬.૨૫


## મંત્રીમંડળ ની બેઠક

ગાંધીનગરમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં મગફળીના ટેકાના ભાવે ખરીદી અંગે સમીક્ષા કરવામાં આવી હતી આ બેઠકમાં વિદ્યાસહાયકો સહિતશિક્ષણ વિભાગની ચાલી રહેલી ભરતી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષયો, વાવ વિધાનસભાની પેટાચૂંટણી અંગે વરિષ્ઠ મંત્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

REGIONAL NEWS

---

## નીતિ આયોગ દ્વારા જળ ઉત્સવ

નીતિ આયોગે જળ વ્યવસ્થાપન, સંરક્ષણ અને ટકાઉપણું પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા પેદા કરવા માટે આજથી 15 દિવસીય જળ ઉત્સવની શરૂઆત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલી 3જી મુખ્ય સચિવોની પરિષદ દરમિયાન નાડી ઉત્સવની તર્જ પર જલ ઉત્સવનો વિચાર રજૂ કર્યો હતો. નીતિ આયોગે જણાવ્યું કે, રાષ્ટ્રીય જલ જીવન મિશન, પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ, જલ શક્તિ મંત્રાલય સાથે ભાગીદારીમાં આજ થી 24

નવેમ્બર દરમિયાન 20 મહત્વકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સમાં જલ ઉત્સવનો અમલ કરવામાં આવી રહ્યો છે.

REGIONAL NEWS

---

## લાભ પાંચમના જત્થાબંધ બજારની શરૂઆત

દિવાળીના પાંચ દિવસ બાદ આજે લાભ પાંચમના શુભ મુહૂર્તએ જિલ્લાભરના વેપારીએ પોતાના ધાર્મિક કાંટાપુજનની રસમ નિભાવી ધંધા રોજગારની શરૂઆત કરી હતી. આ પ્રસંગે ભુજની જથ્થાબંધ બજારમાં આજે લાભપાંચમના દિવસે ભુજ વિધાનસભાના બેઠકના ધારાસભ્ય કેશુભાઈ પટેલની અધ્યક્ષતામાં કાંટા પૂજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ નવા સોદા કરી વેપારનો પ્રારંભ કરાયો હતો. સર્વ પ્રથમ મગનો વેપાર કરીને શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે કુલ 5 કરોડના વેપારના સોદા થશે તેવુ જથ્થાબંધ માર્કેટ એસોસિએશન દ્વારા જણાવાયુ હતું.ઉલેખનીય છે કે

2001ના ભૂકંપ બાદ વેપારીઓએ ખૂબ મહેનત કરીને આ જથ્થાબંધ બજાર ઉભુ કર્યું છે આજે અહીઁ ખૂબ મોટા વેપારો થતા હોય છે.

શીતલ વૈશ્નવ

---

## અન્નકૂટ મહોત્સવ

વિક્રમ સવંતના પ્રારંભે ભુજના નુતન સ્વામિનાર મંદિર ખાતે કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત મહાઅન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો. મંદિરમાં બિરાજમાન દેવોને ૫૬ ભોગ સહિત ૧૫૧ જેટલા વિવિધ પ્રકારના વ્યંજનો અર્પણ કરવામાં આવ્યા હતા.

અન્નકુટની પરંપરા મુજબ ભગવાન શ્રી કૃષ્ણની ઉપસ્થિતિમાં ગૌવર્ધન પૂજારૂપે ગોકુળથી અન્નકૂટોત્સવ નો પ્રારંભ થયો હતો. આજે ૫૦૦ વર્ષ બાદ પણ ભારતીય સનાતની ધાર્મિક ભક્તિ પરંપરાની એક વિશિષ્ટ સ્મૃતિ આ અન્નકૂટોત્સવ જુદા જુદા સંપ્રદાયો તરફથી મંદિરોમાં કરવામાં આવે છે.મહાઅન્નકુટ દર્શન સાથે આશરે ૩૦ હજારથી વધારે હરીભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

શીતલ વૈશ્નવ

---------------------------------------------------------------------

## પ્રવાસીઓનો ધસારો

કચ્છમાં હાલ દિવાળીના મીની વેકેશનને લઈ પ્રવાસન ક્ષેત્રે ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જિલ્લા મથક ભુજ શહેરથી યાત્રાધામો અને પ્રવાસન ક્ષેત્રો લોકોની ભીડથી ગાજી રહ્યા છે. રમણીય બીચ ધરાવતા માંડવી, યાત્રાધામ માતાના મઢ, નારાયણ સરોવર અને ખાવડા પાસેના કાળો ડુંગર ખાતે ભાવિકો-પ્રવાસીઓની મોટી હાજરી નોંધાઈ રહી છે

લખપત તાલુકાના યાત્રાધામ માતાનામઢ ખાતે ભાવિક ભક્તોની મોટી હાજરી નોંધાઈ છે. દિવાળીની રજાઓ દરમિયાન છેલ્લા ચાર દિવસમાં અંદાજિત બે લાખથી પણ વધુ માઇ ભક્તોએ માં આશાપુરાના  દર્શન કર્યા હતા.

ન્યુઝ પેપર

---

## કચ્છ યુવક સંઘ દ્વારા નાટક શો

કચ્છી ભાષાનાં જતનના વિશ્વમાં અજોડ દાખલારૂપ કાર્ય કરતા કચ્છ યુવક સંઘ દ્વારા આઠમી નવેમ્બરથી કચ્છમાં શરૂ થઈ રહેલા આઠ નાટક શોનો વિગતવાર કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે. જાણીતા સેવાભાવી સંગઠન કચ્છ યુવક સંઘ દ્વારા કચ્છી ભાષાની સાથેસાથે રંગભૂમિને જીવંત રાખવા તેમજ તેના પ્રત્યે નવી પેઢીમાં લગાવ અને સિંચન થાય, સાથે ઊગતા કલાકારોને મહત્ત્વનું મંચ મળે એવા બેવડા ઉદ્દેશથી સતત 31 વર્ષથી આ અનોખો પુરુષાર્થ ચાલી રહ્યો છે, જેમાં આ વર્ષે `વા રે વા જિંદગી !' નામનું નાટક કચ્છમાં ભુજ સહિત આઠ સ્થળે દરેક ગામ-શહેરમાં રાત્રે નવ વાગ્યે યોજાશે, જેમા મુંબઈનાં કલાકારો તેમની કલાના ઓજસ પાથરશે.

ન્યુઝ પેપર

-----------------------------------------------------------------------

---

## જલારામ જયંતિની ઉજવણી

આગામી તા. 8 નવેમ્બર , શુક્રવારના વીરપુરના સંત શિરોમણિ જલારામ બાપાની 225મી ઉજવણી સમગ્ર જિલ્લામાં ભારે ઉલ્લાસ અને

ધામધૂમથી કરાશે. આ અવસરે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે જિલ્લાભરમાં જય જલારામનો નાદ ગુંજી ઊઠશે.

ન્યુઝ પેપર

---

## હવામાન

રાજ્યમાં કેટલાંક સ્થળોએ રાત્રિનું તાપમાન 20 ડિગ્રીથી નીચે ગગડતાં ઠંડીનાં ચમકારાનો પ્રારંભ થયો છે. હવામાન વિભાગ ની આગાહી  મુજબ આગામી  સાત દિવસ દરમિયાન રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે.

ન્યુઝ પેપર

---